બીનસરકારી માધ્યમિક અને ઉચ્ચતર
માધ્યમિક શાળાઓમાં સુપરવાઈઝરની
નિમણુંક બાબત...

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક/ બમશ - ૧૩૯૬ - ૪૯ ૨-ગ
સચિવાલય, ગાંધીનગર.
તા. ૩૦-૭-૯૬.

વંચાણમાં લીધો ::- શિક્ષણ વિભાગનો તા.૭-૬-૯૪ નો ઠરાવ ક્રમાંક/બમશ-૧૩૯૩-૫૮૪૭-ગ.

## ॥ ઠરાવ ॥

બીન સરકારી માધ્યમિક શાળાઓમાં સુપરવાઈઝરની જગ્યા માટે ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો-૧૯૭૪ ના વિનિયમ-૧૯(૫) હેઠળ જોગવાઈ કરવામાં આવી છે.આ અંગે છેલ્લે શિક્ષણ વિભાગના આમુખમાં દર્શાવેલ તા. ૭-૬-૯૪ ના ઠરાવથી જરુરી સુધારા કરવામાં આવેલ હતા. આ અંગે ગુજરાત રાજય માધ્યમિક શિક્ષક સંઘ મહામંડળે તેમના તા.૨૫-૯-૯૫ ના પત્રથી સરકારમાં રજુઆત કરીને તા.૭-૬-૯૪ ના ઠરાવથી નકકી કરેલ સુપરવાઈઝરની જગ્યા માટેનું નોર્મ્સ-વર્ગોની સંખ્યામાં ઘટાડો કરીને પાંચ વર્ગે એક સુપરવાઈઝરની જગ્યા રાખવાની રજુઆત કરેલ છે.

૨/- પ્રસ્તુત રજુઆત બાબતે પુખ્ત વિચારણા કરીને માધ્યમિક શાળાઓમાં સુપરવાઈઝરના હાલના નોર્મ્સના જરુરી સુધારો કરીને દર આઠ વર્ગ દીઠ એક સુપરવાઈઝરની જગ્યા મળવાપાત્ર થશે. પરંતુ કોઈપણ સંજોગોમાં બે થી વધુ સુપરવાઈઝરની જગ્યા મળવાપાત્ર થશે નહી. બીન સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાઓ માટે હાલના ધોરણો યથાવત રહેશે.

૩/- આ ઠરાવ અન્વયે ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો-૧૯૭૪માં જરુરી સુધારો કરવાની કાર્યવાહી ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડે સત્વરે હાથ ધરવાની રહેશે.

~~૪/- આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની~~ ફાઈલ ઉપર નાણાં વિભાગની તા.૩૦-૭-૯૬ ની નોંધથી મળેલ સંમતિથી રવાના કરવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સહી:અવાચ્ય.
(આર.એન.તડવી)
સેકશન અધિકારી
શિક્ષણ વિભાગ